# BAXTER GLOBAL SCHOLARSHIP PROGRAM (Baxter ગ્લોબલ સ્કોલરશિપ પ્રોગ્રામ) - પ્રોગ્રામની માહિતી અને માર્ગદર્શિકા

[01/01/2025થી પ્રભાવી]

Baxter International Foundation (ફાઉન્ડેશન) કોલેજ અથવા વોકેશનલ શાળાના પ્રોગ્રામોમાં શિક્ષણ ચાલુ રાખવાની યોજના ધરાવતા હોય તેવા પાત્રતા ધરાવતા Baxterના કર્મચારીઓના બાળકોને મદદ કરવા માટે મેરિટ-આધારિત સ્કોલરશિપ પ્રોગ્રામની સ્થાપના કરી છે. વિદ્યાર્થીની પસંદગીની માન્યતા પ્રાપ્ત સંસ્થામાં ફુલ-ટાઇમ અભ્યાસ માટે રિન્યૂ કરી શકાય તેવી $3,000 USDની સ્કોલરશિપ આપવામાં આવે છે.

આ પ્રોગ્રામને Scholarship America દ્વારા સંચાલિત કરવામાં આવે છે, જે કોર્પોરેશનો, ફાઉન્ડેશનો, સંગઠનો અને વ્યક્તિઓ માટે સ્કોલરશિપ, ટ્યુશન સહાય અને અન્ય શિક્ષણ પ્રોગ્રામો માટે દેશના સૌથી મોટા ડિઝાઇનર અને મેનેજર છે.  જાતિ, રંગ, સંપ્રદાય, ધર્મ, જાતીય અભિગમ, લિંગ, અસમર્થતા અથવા રાષ્ટ્રીય મૂળને ધ્યાનમાં લીધા વિના પુરસ્કારો આપવામાં આવે છે.

## પાત્રતા

આ સ્કોરલરશિપ પ્રોગ્રામ માટે પાત્રતા મેળવવા ફુલ-ટાઇમ અભ્યાસ હોવો જરૂરી છે. ફુલ-ટાઇમ અભ્યાસને આગામી પૂરા શૈક્ષણિક વર્ષ માટે ફુલ-ટાઇમની નોંધણી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ યુ.એસ. મિલિટરી એકેડેમીમાં ભણતા હોય તેઓ એક વખતની સ્કોલરશિપ પુરસ્કાર માટે અરજી કરવાને પાત્ર છે.

આ સ્કોલરશિપ પ્રોગ્રામના અરજદારો (નવી અરજીઓ માટે) નીચે મુજબ હોવા જરૂરી છે:

- ઉંમર 24 વર્ષ અથવા તેથી ઓછી. ઇઝરાયલના વિદ્યાર્થીઓ 28 વર્ષની ઉંમર સુધી આ સ્કોલરશિપ માટે અરજી કરવાને પાત્ર છે.
- વરિષ્ઠ નિયામક અને તેનાથી નીચેના સ્તરના નિયમિત ફુલ-ટાઇમ અથવા નિયમિત પાર્ટ-ટાઇમ Baxter કર્મચારીનું આશ્રિત, અપરિણીત બાળક.
    - આશ્રિત બાળકોને નીચેની રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે:
        - કર્મચારીના કુદરતી, કાયદેસર રીતે દત્તક લીધેલ અથવા કાયદેસરના બાળકો અથવા
        - કર્મચારીનું સાવકું બાળક, જેના જીવનસાથી કાનૂની કસ્ટડી (સહિયારી કસ્ટડી સહિત) અથવા પ્રાથમિક નાણાકીય સહાય ધરાવતા હોય અથવા
        - એવા ઘરેલું જીવનસાથીનું બાળક જે કાનૂની કસ્ટડી (સહિયારી કસ્ટડી સહિત) અથવા પ્રાથમિક નાણાકીય સહાય ધરાવતા હોય
- અરજદારના માતા-પિતા Baxterમાં કાર્યરત હોવા જરૂરી છે અને અરજીની સમયસીમા પૂરી થાય તે સમયે Baxter દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ, કર્મચારી તરીકે ઓછામાં ઓછા બે (2) વર્ષ ફુલ-ટાઇમ અથવા નિયમિત પાર્ટ-ટાઇમ સેવા પૂર્ણ કરી હોવી જરૂરી છે.

- માધ્યમિક શાળા/ઉચ્ચ શાળાના વરિષ્ઠ, માધ્યમિક શાળા/ઉચ્ચ શાળાના સ્નાતક, અથવા વર્તમાન અંડરગ્રેજ્યુએટ જે સમગ્ર આગામી શૈક્ષણિક વર્ષ માટે માન્યતા પ્રાપ્ત બે-વર્ષ અથવા ચાર-વર્ષની કોલેજ, યુનિવર્સિટી અથવા વ્યાવસાયિક-તકનીકી શાળામાં પૂર્ણ-સમય, અંડરગ્રેજ્યુએટ અભ્યાસમાં નોંધણી કરાવવાની યોજના ધરાવે છે અથવા પહેલાથી જ નોંધણી કરાવી રહ્યા છે. આ સ્કોરલશિપ સ્નાતક શિક્ષણના પ્રોગ્રામો માટે ઉપલબ્ધ નથી.
- નિવૃત્ત કર્મચારીઓના બાળકો અરજી કરવાને પાત્ર નથી.
- ઉપપ્રમુખો અને તેનાથી ઉપરના પદ ધરાવતા લોકોના બાળકો અરજી કરવાને પાત્ર નથી.
- પ્રાસંગિક કામદારો, સલાહકારો, કરાર મજૂર અથવા કામચલાઉ કર્મચારીઓના બાળકો અરજી કરવાને પાત્ર નથી.

## પુરસ્કારો

જો વિદ્યાર્થીને પ્રાપ્તકર્તા તરીકે પસંદ કરવામાં આવે, તો તેને **$3,000 USD સ્કોરશિપ** મળશેજેને GPA અને પાત્રતાની જરૂરીયાતો સંતોષવામાં આવ્યે વધારાના ત્રણ વર્ષ માટે અથવા તેઓ સ્નાતક થયા પછી (જે પહેલા આવે તે) રિન્યૂ કરી શકાય છે. રસ ધરાવતાવિદ્યાર્થીઓએ આ વર્ષની અંતિમ તારીખસુધીમાં ઓનલાઈન અરજી પૂર્ણ કરવી જરૂરી છે. આ ફાઉન્ડેશનને કોઈપણ દસ્તાવેજો મેઇલ કરશો નહીં. વિનંતી કરેલી બધી સામગ્રીઓ Scholarship America Inc.(સ્કોલરશીપ અમેરિકા ઇન્ક.)ને પૂરી પાડવી જરૂરી છે.

બધી જરૂરી માહિતી એકત્રિત કરવા અને સબમિટ કરવા માટે અરજદારો જવાબદાર છે.  પૂરી પાડવામાં આવેલી માહિતીના આધારે અરજીઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે; તેથી, શક્ય તેટલા પ્રશ્નોના જવાબ સંપૂર્ણ રીતે આપો. અધૂરી અરજીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં. જો તેઓ પ્રોગ્રામની પાત્રતાની જરૂરીયાતો પૂર્ણ કરતા હોય તો, બિન-પ્રાપ્તકર્તાઓ દર વર્ષે ફરી અકજી કરી શકે છે.

પ્રાપ્ત થતી બધી માહિતી ગુપ્ત રાખવામાં આવે છે અને ફક્ત Scholarship America દ્વારા જ તેની સમીક્ષા કરવામાં આવે છે, સિવાય કે આપવામાં આવતી પુરસ્કાર રૂપી રકમ અને કર્મચારીની માહિતી, જેનો ઉપયોગ માતા-પિતાના રોજગારની પુષ્ટિ કરવા અને આંતરિક રીતે પુરસ્કારોની જાહેરાત કરવા માટે થાય છે.

પુરસ્કારો (USD (યુ.એસ. ડોલર)માં જારી કરવામાં આવે છે) ઉપસ્નાતક અભ્યાસ માટે છે અને તેનો ઉપયોગ શિક્ષણ સંબંધી યોગ્ય ખર્ચ માટે થઈ શકે છે:

- ટ્યુશન
- શાળા શુલ્ક
- શાળાના પુસ્તકો
- જરૂરી શાળા પુરવઠા

પ્રાપ્તકર્તા દીઠ એક મુલતવી રાખવાની મંજૂરી છે અને મુલતવી રાખવાની અવધિ બે વર્ષથી વધુ હોઈ શકે નહીં.

ફાઉન્ડેશન વતી Scholarship America સ્કોલરશિપ ચુકવણીઓ પર પ્રક્રિયા કરે છે. યુ.એસ., કેનેડા અને પ્યુઅર્ટો રિકોના વિદ્યાર્થીઓ માટે, Scholarship America (Scholarship America) ચેક દ્વારા રકમનું વિતરણ કરે છે, જે શાળાને ચૂકવવાપાત્ર હોય છે અને દરેક પ્રાપ્તકર્તાના ઘરના એડ્રેસ પર મેઇલ કરવામાં આવે છે. Scholarship Americaને નોંધણીનો પુરાવો અને વાયર ફોર્મ પ્રાપ્ત થયા પછી, બધા આંતરરાષ્ટ્રીય સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓને રકમ વિતરીત કરવામાં આવે છે.

## સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓની પસંદગી

આ ફાઉન્ડેશન પસંદગીની પ્રક્રિયામાં ભાગ લેતું નથી. સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓની પસંદગી ફક્ત Scholarship America દ્વારા નીચેનાને આધારે કરવામાં આવે છે:

- શૈક્ષણિક રેકોર્ડ
- શાળા અને સમુદાયની પ્રવૃત્તિઓમાં આગેવાની અને સમાવેશકતા દર્શાવી હોય
- સન્માન
- લક્ષ્યો અને આકાંક્ષાઓનું નિવેદન
- અપવાદરૂપી વ્યક્તિગત અથવા કૌટુંબિક પરિસ્થિતિઓને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

નાણાકીય જરૂરીયાતને ધ્યાનમાં લેવામાં આવી ના હોય.

કોર્પોરેટ સ્કોલરશિપ પ્રોગ્રામો માટે IRSના નિયમોને અનુરૂપ, **પાત્રતા ધરાવતા ફક્ત ટોચના 25% અરજદારોને જ પ્રાપ્તકર્તાઓ તરીકે પસંદ કરવામાં આવે છે**. કોઈપણ સંજોગોમાં Baxter અથવા ફાઉન્ડેશનના કોઈપણ અધિકારી કે કર્મચારી પસંદગી પ્રક્રિયામાં ભાગ લેતા નથી. બધા અરજદારો Scholarship Americaના નિર્ણયને અંતિમ નિર્ણય રૂપે સ્વીકારવા સંમત થાય છે.

જો યોગ્યતાવાળી અરજીઓ પ્રાપ્ત થાય તો, દેશ દીઠ પ્રાપ્ત થયેલી અરજીઓની સંખ્યાના પ્રમાણમાં પુરસ્કારો આપવામાં આવશે.

## સૂચના

અરજદારોને તેમની અરજીમાં આપેલા ઇમેઇલ સરનામાં દ્વારા જુલાઈના મધ્ય સુધીમાં તેમના સબમિશનની સ્થિતિ વિશે જાણ કરવામાં આવશે. જો તે ઇમેઇલ સરનામું બદલાય તો, તાત્કાલિક Scholarship Americaનો સંપર્ક કરો અને અપડેટ કરેલ ઇમેઇલ પૂરું પાડો.
આ પ્રોગ્રામના બધા અરજદારોની પ્રાપ્તકર્તાઓ રૂપે પસંદગી કરવામાં આવશે નહીં. જો તેઓ પાત્રતાની જરૂરીયાતો સંતોષતા હોય તો, વિદ્યાર્થીઓ દર વર્ષે આ પ્રોગ્રામમાં ફરી અરજી કરી શકે છે. સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓએ સ્કોલરશિપ સ્વીકારવી અને તેમની નોંધણીની પુષ્ટિ કરવી જરૂરી રહેશે.

## જરૂરી દસ્તાવેજો

તમારી અરજીના ભાગ રૂપે, તમારે નીચેના દસ્તાવેજો અપલોડ કરવાની જરૂર પડશે:

- સંપૂર્ણ અને વર્તમાન ટ્રાન્સક્રિપ્ટ. ગ્રેડ રિપૉર્ટ સ્વીકારવામાં આવતા નથી. આ ટ્રાન્સક્રિપ્ટમાં વિદ્યાર્થીનું નામ, શાળાનું નામ, દરેક કોર્ષ માટે ગ્રેડ અને ક્રેડિટના કલાકો અને દરેક કોર્ષ કયા સમયગાળામાં લેવાયો હતો તે દર્શાવવું જરૂરી છે.

  નોંધ: જો તમે SAT અથવા ACT સ્કોર્સ પૂરા પાડી રહ્યાં હો અને તે સ્કોર્સ તમારી હાઇ સ્કૂલ ટ્રાન્સક્રિપ્ટમાં ન હોય તો, તમારે સ્કોર્સની અધિકૃત નકલ અલગથી અપલોડ કરવાની જરૂર પડશે. જો તમે કોલેજ ટ્રાન્સક્રિપ્ટ અપલોડ કરી રહ્યા હો તો, આ સ્કોર્સ જરૂરી નથી.

- યુ.એસ. સિવાય બહારના દેશના વિદ્યાર્થીઓ: શૈક્ષણિક પ્રણાલીઓના તફાવતને કારણે, યુ.એસ. અથવા કેનેડા સિવાયના દેશોના અરજદારોએ નીચેના દસ્તાવેજો પૂરા પાડવા જરૂરી છે:
  - બધા બિન-અંગ્રેજી દસ્તાવેજોનું અંગ્રેજી અનુવાદ
  - છેલ્લા ચાર વર્ષના નીચેના શૈક્ષણિક દસ્તાવેજોની સુવાચ્ય ફોટોકોપીઓ:
    - શૈક્ષણિક ટ્રાન્સક્રિપ્ટ્સ
    - હાઇ સ્કૂલ ડિપ્લોમા/ઓળખપત્રો, જો મેળવ્યા હોય, અને
    - શૈક્ષણિક પરીક્ષાના સ્કોર્સ

જ્યાં સુધી આ પ્રોગ્રામની સમયમર્યાદાની અંદર જરૂરી દસ્તાવેજો ઇલેક્ટ્રોનિક રીતે સબમિટ ન કરવામાં આવે ત્યાં સુધી તમારી અરજીને પૂર્ણ માનવામાં આવશે નહીં.

### જવાબદારીઓ

સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓ Baxter અથવા ફાઉન્ડેશન પ્રત્યે કોઈ જવાબદારી ધરાવતા નથી. જો કે, વિનંતી કરવામાં આવે ત્યારે તેમણે Scholarship Americaને સંપૂર્ણ ટ્રાન્સક્રિપ્ટ્સ પૂરી પાડવાની રહેશે અને ઘરના સરનામા, ઇમેઇલ એડ્રેસ, શાળા નોંધણી અથવા અન્ય સંબંધિત માહિતીમાં કોઈપણ ફેરફારની જાણ Scholarship Americaને કરવાની રહેશે.

### સુધારાઓ

ફાઉન્ડેશન આ સ્કોલરશિપ પ્રોગ્રામની શરતો અને પ્રક્રિયાઓની સમીક્ષા કરવાનો અને પ્રોગ્રામની સમાપ્તિ સહિત કોઈપણ સમયે ફેરફારો કરવાનો અધિકાર અનામત રાખે છે.

### સંપર્ક માહિતી

જો તમને અરજી પ્રક્રિયા વિશે કોઈ પ્રશ્નો હોય તો, કૃપા કરીને Scholarship America નો thebaxterfoundation@scholarshipamerica.org પર સંપર્ક કરોઅથવા +01-507-931-8370 પર ટોલ-ફ્રી નંબર પર સંપર્ક કરો અને Baxter Global Scholarship Program માટે પૂછો.